# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૪૯ | ૧૯ નવેમ્બર, ૨૦૧૨, સોમવાર; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં ઠંડીનું વધતું પ્રમાણ



## રાજ્યમાં ત્રીજું ઠંડું શહેર : લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે ઠંડી ૧૩ ડિગ્રી નોંધાયા બાદ દિવસના તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો અને રાજ્યમાં સૌથી વધુ ઠંડી ધરાવતા શહેરોમાં ત્રીજા ક્રમાંકે રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં આજે ઠંડીનું મોજુ તીવ્ર બનવા સાથે વાતાવરણમાં પણ બદલાવ જોવા મળ્યો હતો. આજે દિવસ દરમ્યાન પણ ઠંડીનો સુસવાટાભર્યા પવન જોવા મળ્યો હતો.

શહેરમાં બદલાયેલા વાતાવરણની જનજીવન પર પણ અસર જોવા મળી હતી. લોકોએ આજે રજાનો દિવસ હોવાથી ઘરમાં જ રહેવાનું વધુ પસંદ કર્યું હતું. તેમજ ગરમ વસ્ત્રો ધારણ કર્યા હતા.

વાતાવરણમાં આવેલા બદલાવની સાથે નગરમાં ઈવનીંગ વોકની જેમજ મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં પણ સારો એવો વધારો જોવા મળી રહ્યો છે.

## રવિપાક વાવણીની તૈયારીઓ પૂર જોશમાં

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં શિયાળાની ઠંડીનું વાતાવરણ ધીરે ધીરે જામતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે તેમજ રવિ સીઝનની વાવણી માટેની તૈયારીઓ પણ પૂર જોશમાં આરંભી દીધી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીનો જે સિલસિલો જોવા મળી રહ્યો છે તે જોતાં જિલ્લામાં ઘઉં અને શાકભાજીના રાજા ગણાતા બટાટા ઉપરાંત રાયડો અને શાકભાજીના પાકોનું વાવેતર સારું થશે તેમ મનાઈ રહ્યું છે.

ઘઉંના વાવેતર માટે જિલ્લાનો સીડ વિલેજ પ્રોજેક્ટમાં સમાવેશ થયો છે અને ખેડૂતો દ્વારા ઘઉંની વાવણી માટે ગાળવણનો પણ ઠંડીનો ચમકારો વધતાં આરંભ કરી દેવામાં આવ્યો છે. હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગાંધીનગરમાં આજે પણ તાપમાનનો પારો ૧૩ ડિગ્રી પર રહેવા પામ્યો છે. જો કે આજે દિવસ દરમિયાન પણ ઠંડીનો ચમકારો નોંધાતાં તાપમાનનો પારો ગગડીને ૩૧ ડિગ્રી પર પહોંચ્યો હતો.

જિલ્લામાં આ વર્ષે ૬૫ હજાર હેક્ટર વિસ્તારમાં રવિ સીઝનની વાવણી થશે તેવા અંદાજો કૃષિ વિભાગ દ્વારા રાખવામાં આવ્યા છે.

બટાટાની ખેતી માટે લોકર અને અન્ય જાતોના બિયારણ ના ભાવ વધુ છે. જો કે પોખરાજ અને એલ.આર. જાતોનું વાવેતર શરૂ થઈ ચુક્યું છે. આ વખતે પણ કોન્ટ્રેક્ટ ફાર્મીંગનો વધારો થવાના નિર્દેશો સાંપડી રહ્યા છે. આ માટે બટાટા ઉત્પાદકો સાથે વેફરના ઉત્પાદકો વચ્ચે બેઠકોનો દોર આરંભાઈ ચુકયો હોવાનું પણ જાણવા મળેલ છે.

ઘઉંના બિયારણના ભાવ પણ વધારે હોવાથી ખેડૂતો દ્વારા ખાનગી વેપારીઓ પાસેથી બિયારણની ખરીદીનો સિલસિલો આજથી આરંભાયો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં રવિ સીઝનની વાવણી માટે બિયારણનો જરુરી જથ્થો ઉપલબ્ધ હોવાનું કૃષિ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

## રાજ્યભરમાં શિયાળો જામ્યો : અમદાવાદમાં ૧૨.૫ ડિગ્રી

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં શિયાળાની ઋતુ તેના મધ્યભાગમાં પહોંચી ગઈ છે ત્યારે ધીમે ધીમે રાજ્યના મોટા ભાગના શહેરોમાં ઠંડીનો ચમકારો દિન પ્રતિદિન વધી રહ્યો છે. રાત્રિ સમયથી પરોઢ સુધી વાતાવરણમાં ભેજ રહેવાની સાથે ગુલાબી ઠંડીનો ચમકારો લાગે છે. ત્યારે ઉત્તર પૂર્વીય પવનને કારણે સમગ્ર રાજ્યમાં કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી નોંધાયુ હતુ.

આજે ૧૨.૧ ડિગ્રી સાથે વલસાડ રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યુ હતુ. અન્યત્ર પણ ઠંડી જળવાઈ રહી છે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં રાત્રીના સમયે લઘુતમ તાપમાન ૧૪ ડિ.સ્.ની આસ-પાસ રહેતા વાતાવરણમાં ઠંડક જણાતી હતી. આજે વહેલી પરોઢ સુધી બનાસકાંઠાના ડીસામાં ૧૫.૩, ગાંધીનગર ૧૩, અમદાવાદ ૧૨.૫, અમરેલી ૧૪, ભૂજ ૧૮, વડોદરા ૧૪.૩, સુરત ૧૭.૩, વલ્લભવિદ્યાનગર ૧૫.૬, ભાવનગર ૧૬.૩, રાજકોટ ૧૭.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયુ હતુ. મહુવામાં ૧૩.૯, ગાંધીનગરમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દિવ, દમણ અને દાદરાનગરહવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે. લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

## જિલ્લાની પાંચેય બેઠકો માટે ખર્ચ નિયંત્રણના બે નિરીક્ષકો નિમાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણીપંચે ખર્ચ નિયંત્રણ અંગે બે નિરીક્ષકોની નિમણુંક કરી દીધી છે અને આ નિરીક્ષકો આગામી ૨૩મી નવેમ્બરના રોજ ગાંધીનગર આવી પહોંચશે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે જે બે ખર્ચ નિયંત્રણ નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તેમાં આંધ્રપ્રદેશ કેડરના આઈ.આર.એસ. અધિકારીશ્રી દયાસાગર અને જમ્મુ કાશ્મીર કેડરના આઈ.આર.એસ. અધિકારી શ્રી રાકેશકુમારનો સમાવેશ થાય છે.

આ બન્ને અધિકારી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સમાં સેવાઓ આપી રહ્યા છે. શ્રી દયાસાગર ૧૯૯૪ની બેચના અધિકારી છે જ્યારે શ્રી રાકેશકુમાર ૨૦૦૪ની બેચના અધિકારી છે.

ચૂંટણી પંચ તરફથી આ બન્ને અધિકારીઓને પાંચ વિધાનસભા મત વિસ્તારમાં ખર્ચ નિયંત્રણની જવાબદારી સોંપવામાં આવી છે. શ્રી દયાસાગરને ગાંધીનગર(ઉ), માણસા અને દહેગામ વિધાનસભા મત વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી છે જયારે રાકેશકુમારને કલોલ અને ગાંધીનગર (દ)ની બેઠક માટેની જવાબદારી સોંપવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ અને ગાંધીનગર (દ)ની બેઠક આર્થિક રીતે સંવેદનશીલ ગણવામાં આવી છે. આ બન્ને બેઠકો પર પંચ દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી આ અધિકારીઓ અહિ રોકાશે. આ પછી ચૂંટણી લડતા હરીફ ઉમેદવારો દ્વારા તેમના આખરી હિસાબો રજુ કર્યા બાદ ચકાસણી માટે પુનઃ ગાંધીનગર આવશે.

ચૂંટણી પંચ દ્વારા આ વખતે પ્રથમવાર ત્રણ પ્રકારના નિરીક્ષકોની નિમણુક ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ માટે કરવામાં આવનાર છે. જેમાં ખર્ચ નિયંત્રણ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા માટે અલગ નિરીક્ષકોની તેમજ આચારસંહિતા માટે પણ

(અનુસંધાન સાતમા પાને)

### બેસણું



અમારા માતુશ્રી વાઘેલા સજ્જનબા શંકરસિંહનું તા. ૧૫-૧૧-૨૦૧૨ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં. સદ્‌ગતનું બેસણું તથા સુંવાળા તા. ૧૯-૧૧-૨૦૧૨ ને સોમવારના રોજ સવારે ૧૦ થી ૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : દરબાર ભાગોળ, પાણીની ટાંકી સામે, ગામ : કોલવડા, તા.જી. ગાંધીનગર, મો. ૯૮૨૫૮ ૭૬૪૪૦, ૯૯૨૪૬ ૨૭૨૭૩

| | |
|---|---|
| વાઘેલા અરવિંદસિંહ શંકરસિંહ (સરદારનગર પો. સ્ટેશન) | વાઘેલા અરવિંદસિંહ શંકરસિંહ (બાપા સીતારામ ઓટો ગેરેજ) |
| વાઘેલા અજીતસિંહ શંકરસિંહ (ટ્રાફિક બ્રાન્ચ અમદાવાદ) | વાઘેલા રાજેન્દ્રસિંહ શંકરસિંહ (ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ) |

નોંધ : કાણ મોકાણ બંધ રાખેલ છે

### બેસણું



Firm : Skyway Computer Pvt. Ltd., Gandhinagar.


### શ્રી જલારામ જયંતિ - ભાવસભર નિમંત્રણ



નવા વર્ષે આપનું જીવન પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી છલકાતું રહે એવી શુભકામનાઓ સાથે શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર આપ સૌ નગરજનોને પૂ. બાપાની ૨૧૩મી જન્મજયંતિની શાનદાર ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રે છે.

શ્રી જલારામ જયંતિ - તા. ૨૦-૧૧-૨૦૧૨, મંગળવાર

શુભ પ્રસંગો

અખંડ ધૂન : સવારે ૬.૩૦ થી સાંજે ૬.૩૦
શોભાયાત્રા : સવારે ૮.૦૦ કલાકે (જલારામ મંદિરથી ભોજલરામ મંદિર, સે. ૭)
અન્નકૂટ દર્શન : સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦
મહાઆરતી : સાંજે ૬.૩૦ કલાકે
વીરપુર જઈ રહેલા પદયાત્રીઓનું અભિવાદન : સાંજે ૭.૦૦ કલાકે
શુભ સ્થળ : જલારામ મંદિર, સે. ૨૯, ફોન : ૨૩૨૨૩૬૧૪

વ્યાવસાયિક કામકાજને વિરામ આપી આ ઉજવણીમાં સહપરિવાર ઉમંગપૂર્વક જોડાવા ખાસ અપીલ છે.

નિમંત્રક : પ્રમુખશ્રી તથા કારોબારી સમિતિ, શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

